# ધોરણ - 5 English

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN501 ટૂંકી પરિચિત વાર્તા સાંભળી પૂછેલી વિગતોના જવાબ આપે છે. | • પરિચિત વાર્તાઓ | શિક્ષક વિદ્યાર્થીઓને …<br>• ટૂંકી, પરિચિત વાર્તા (Cap Seller જેવી) કહેશે.<br>• વાર્તાને સંલગ્ન ખરા-ખોટા, વાક્ય કોણ બોલે છે?, વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો – વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવશે |
| EN502 ટૂંકી સૂચનાઓ સાંભળી તે પ્રમાણે ક્રિયા કરે છે. | • વર્ગખંડ અને શાળામાં ઉપયોગી સૂચનાઓ | શિક્ષક વિદ્યાર્થીઓને<br>• 'Raja says…' જેવી રમતો રમાડશે.<br>• 'Do as the chit says…' જેવી રમતોથી વિવિધ ક્રિયાઓ કરવાંનું કહેશે અને વિદ્યાર્થીઓ તે મુજબ કરશે.<br>Open the window.<br>Close the door. |
| EN503 સાંભળેલી વિગતોને આધારે ચિત્ર દોરે છે. | • Demonstration<br>• Drawing pictures | શિક્ષક વિદ્યાર્થીઓને<br>• ચિત્ર દોરવાં માટે નીચે જેવી સૂચનાઓ આપશે.<br>❖ Draw a square.<br>❖ Draw a triangle on it.<br>❖ Draw a circle on the triangle.<br>❖ Draw a small triangle in the circle. |
| EN504 વાર્તા અને પરિચ્છેદનું વાચન કરી અર્થગ્રહણ કરે છે. | • વાર્તા અને પરિચ્છેદ સંલગ્ન પ્રશ્નો, ખાલી જગ્યા, ખરા-ખોટા, કોણ કહે છે? ની પ્રવૃત્તિઓ | શિક્ષક વિદ્યાર્થીઓને<br>• માર્ગદર્શન આપી (Cap seller જેવી) વાર્તાઓ અને પાઠ્યપુસ્તકમાં આપેલ પરિચ્છેદનું મુકવાચન કરાવી સંલગ્ન પ્રશ્નોનાં ઉત્તર આપવાં તેમજ ખાલી જગ્યા પૂર્ણ કરો – જેવી પ્રવૃત્તિઓ કરાવશે. |
| EN505 વાક્યોને અનુરૂપ ચિત્ર સાથે જોડે છે. | • ચિત્રો અને વાક્યપટ્ટીઓ આધારિત | શિક્ષક વિદ્યાર્થીઓને |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
| --- | --- | --- |
| | પ્રવૃત્તિ | • બે જૂથમાં વહેંચશે. એક જૂથને ચિત્રો અને બીજા જૂથને વાક્યપટ્ટીઓ આપશે.<br>• એક જૂથ ચિત્ર બતાવશે અને બીજુ જૂથ ચિત્રને અનુરૂપ વાક્યપટ્ટીનું વાક્ય બતાવી તેની સાથે જોડશે. |
| EN506 અભિવાદન કરી પ્રતિભાવ આપે છે. | • અભિવાદન – પ્રતિભાવ<br>• સંલગ્ન શબ્દો અને શબ્દસમૂહો | શિક્ષક...<br>• વિવિધ પરિસ્થિતિ અને સમયને અનુરૂપ અભિવાદન (Hi, How are you ?, Good Morning, Good afternoon, Congratulation વગેરે) કરશે અને વિદ્યાર્થીઓ Hi, Fine, Good Morning, Good afternoon, Thank you વગેરે દ્વારા અભિવાદનનો પ્રતિભાવ આપશે. |
| EN507 સૂચના મુજબ સંવાદ કરે છે. | • ટૂંકા સંવાદો<br>• વિવિધ વ્યક્તિ/પરિસ્થિતિ સંલગ્ન સંવાદો | શિક્ષક વિદ્યાર્થીઓને ...<br>• વિવિધ પરિસ્થિતિ અનુરૂપ સંવાદ કરવા જણાવશે.<br>• આપેલા શબ્દોનો ઉપયોગ કરી ટૂંકા સંવાદો તૈયાર કરાવશે.<br>Teacher – Homework – Student<br>Doctor – Headache – Patient<br>Shopkeeper – Grocery - Customer |
| EN508 ઊલટ પ્રશ્નો (Inversion Questions) પૂછી તેવા પ્રશ્નોના જવાબ આપે છે. | • Am / Is / Are વગેરેથી શરૂ થતાં Inversion questions અને Yes / No વડે ઉત્તર | શિક્ષક વિદ્યાર્થીઓને ...<br>• વિવિધ ચિત્રો અને પરિસ્થિતિનાં માધ્યમથી ઉલટ પ્રશ્નો પૂછશે અને Yes / No માં ઉત્તર મેળવશે.<br>• વિવિધ પ્રાણી / પક્ષી / વસ્તુ દર્શાવતાં ચિત્રો બતાવીને અનુરૂપ પ્રશ્નો પૂછીને ઉત્તર મેળવશે.<br>દા.ત.<br>❖ Teacher : Are there three flowers in the picture ?<br>Student : Yes, there are. |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN509 માહિતી મેળવવા Wh – (Who, Where, When, What, How many) પ્રશ્નો પૂછી અને તેવા પ્રશ્નોના જવાબ આપે છે. | • Wh – Questions<br>• (Who, Where, When, What, How many) | • શિક્ષક વિવિધ ચિત્રોનાં માધ્યમથી માહિતી મેળવવાં પ્રશ્ન પૂછશે.<br>• વિદ્યાર્થીઓને જૂથમાં વિભાજીત કરશે.<br>• એક જૂથનો વિદ્યાર્થી ચિત્ર બતાવીને પ્રશ્ન પૂછે. અને બીજા જૂથનો વિદ્યાર્થી તેનો ઉત્તર આપે તેવી પ્રવૃત્તિ કરાવશે.<br>દા.ત.<br>❖ Student 1 : Who is in the classroom ?<br>❖ Student 2 : Students and a teacher. |
| EN510 પરિચિત પરિસ્થિતિમાં સંવાદ કરે છે. | • વિવિધ પરિસ્થિતિ સંલગ્ન સંવાદો | શિક્ષક વિદ્યાર્થીઓને ...<br>• વિવિધ પરિચિત પરિસ્થિતિઓ આપશે. જેવી કે In the market, In the classroom, At the railway station.<br>• ઉપરોક્ત પરિસ્થિતિઓ આધારિત સંવાદો કરાવશે. |
| EN511 લોનવડર્સ સહિત આશરે 500 જેટલા શબ્દો જાણી અને તેનો ઉપયોગ કરે છે. | • લોન વર્ડઝ | • શિક્ષક વિદ્યાર્થીને પાઠ્યપુસ્તકનાં અંતે આપેલ શબ્દો (Vocabulary) નો ઉપયોગ કરી Cross Word Puzzle, Odd One Out, Add on letters, Word Completion વગેરે Word Games નાં માધ્યમથી શબ્દો / લોન વર્ડઝ નો ઉપયોગ કરાવશે. |
| EN512 પોતાના માતા-પિતા, ભાઈ-બહેન અને મિત્રોનો સામાન્ય પરિચય આપે છે. | • Family Members and their introduction | • શિક્ષક વિદ્યાર્થીઓ પાસે Family Chart બનાવડાવી તેની રજૂઆત માટે ટૂંકા વાક્યો તૈયાર કરાવશે.<br>• વિદ્યાર્થી તેમનાં પરિવારનાં સભ્યોનાં નામ ચાર્ટ પ્રમાણે લખી તેમનો પરિચય આપશે.<br>દા.ત.<br>❖ I am Jay.<br>❖ My father's name is ______.<br>❖ ______ is my mother. |
| EN513 There is / There are નો ઉપયોગ કરી વસ્તુઓના સ્થાનનો નિર્દેશ કરે છે. | • Introductory 'There' | • શિક્ષક વિવિધ સ્થાન પર રહેલી વિવિધ વસ્તુઓ સંલગ્ન ચિત્રો બતાવશે અને વાક્યનો મહાવરો કરાવશે. |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | |  There are five apples in the basket.<br> There is a peacock on the branch. |
| EN514 રોજિંદા જીવનની અને વર્તમાન સમયની ક્રિયાઓનું વર્ણન કરે છે. | • Routine Activities | • શિક્ષક દૈનિક ક્રિયાઓનાં ચિત્રો દેખાડી તેનું વર્ણન કરશે.<br>• વિદ્યાર્થીઓ તેમની દૈનિક ક્રિયાઓનું વર્ણન કરશે.<br>❖ Teacher : I get up at 6 o'clock in the morning.<br>❖ Student : I get up at 7 o'clock. |
| EN515 ભૂતકાળની ક્રિયાઓ વર્ણવે છે. | • Past Activities<br>• Past forms of Action words | • શિક્ષક action words ના past forms ના ઉચ્ચાર કરાવશે<br>• ચિત્ર વર્ણન કરાવશે.<br>• વર્તમાન અને ભૂતકાળની ક્રિયાઓ વાળા વાક્યો સરખાવશે. |
| EN516 પોતાની અને અન્યની માલિકી પ્રદર્શિત કરે છે. | • My, our, your, his, her...<br>• have, has | • શિક્ષક પોતાની પાસે રહેલ વસ્તુઓ વિદ્યાર્થીઓને બતાવશે અને માલિકી દર્શાવતું વિધાન કહશે.<br>❖ (હાથમાં પેન રાખીને બોલશે)<br>❖ I am Rameshbhai. This is my pen.<br>❖ I have a pen.<br>• વિદ્યાર્થી પોતાની પાસે રહેલ વસ્તુઓ અન્ય વિદ્યાર્થીઓને બતાવશે અને માલિકી દર્શાવતું વિધાન કહેશે.<br>❖ (હાથમાં book રાખીને બોલશે)<br>❖ I am Bhavesh. This is my book. |
| EN517 સ્થાનિક વ્યવસાયકોરોનો પરિચય મેળવે છે. અને પરિચય આપે છે. | • વિવિધ વ્યવસાયકારો અને તેમના કાર્ય | • શિક્ષક વિવિધ સ્થાનિક વ્યવસાયકારોનાં ચિત્રો બતાવીને / મુલાકાત લેવડાવીને તેમનો પરિચય આપશે.<br>• વિદ્યાર્થીઓએ મેળવેલ અનુભવનાં આધારે સ્થાનિક વ્યવસાયકારોનો |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | પરિચય આપશે. |
| EN518 વાચન અને ઉચ્ચાર વચ્ચેનો સંબંધ તારવે છે. | • Rhyming Words<br>• Homophones | • શિક્ષક સરખા ઉચ્ચારણ ધરાવતાં શબ્દોની યાદી આપશે અને તેનો સતત મહાવરો કરાવશે. |
| EN519 શબ્દકોશનો ઉપયોગ કરી શબ્દ વિશેની માહિતી મેળવે છે. | • Use of Dictionary | • શિક્ષક વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકનાં અંતમાં રહેલાં શબ્દોને શબ્દકોશમાંથી શોધવા અને તેના વિશે લખવાની પ્રવૃત્તિ કરાવશે તેમજ એક જ શબ્દ પરથી વધુ શબ્દોની રચના કરવાની પ્રવૃત્તિ કરાવશે.<br>❖ Build – બાંધવું, -er બાંધનાર, -ing ઇમારત )Build Builder - - Building) |
| EN520 વસ્તુઓ, પ્રાણી, પક્ષીઓ, વ્યક્તિઓનાં નામ, રંગ, સંખ્યા, કદનું વર્ણન કરે છે. | • વિવિધ રંગ, સંખ્યા, આકાર | • શિક્ષક વિદ્યાર્થીઓને બે અલગ-અલગ ચિત્રો બતાવી તેનાં રંગ, કદ, આકાર વગેરેની તુલના કરી બતાવશે. વિશેષણો તરફ ધ્યાન દોરશે અને તે મુજબ બોલવા કહેશે.<br>Tennis ball is small. Football is big.<br>  |
| EN521 ચિત્ર કે વસ્તુનું એક કે બે વાક્યોમાં વર્ણન કરે છે. | • Picture Description | • શિક્ષક આ પ્રમાણે વિવિધ પ્રાણીઓ, પક્ષીઓ અને વસ્તુઓના ચિત્રો વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કરશે અને વિશેષણોનો ઉપયોગ કરી તેનાં વિશે વિદ્યાર્થીઓને બોલાવશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને ચિત્ર બતાવશે અને પ્રશ્નો / ખાલી જગ્યા / વાક્યપૂર્તિ જેવી પ્રવૃત્તિઓનાં માધ્યમથી ચિત્રનું વર્ણન કરવા કહેશે.<br>❖ There is a tree ___ the house.(behind, on)<br>❖ The sun is ____. (setting, rising) |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
| --- | --- | --- |
| EN522 ફકરાનું અનુલેખન કરે છે. | • Passage Writing | • શિક્ષક બોર્ડ પર એક ફકરો લખી તેમાં રહેલાં વિરામચિહ્નો અને તેનાં મહત્ત્વ વિશે સમજાવશે. તેમજ તેનું અનુલેખન કરવાં કહેશે. |
| EN523 Rhymes, Action Songs ગાઈ અને તેનો રસાસ્વાદ માણે છે. | • Recitation<br>• Action Songs<br>• Rhymes | • શિક્ષક વિદ્યાર્થીઓને Line wise અને Stanza wise rhymes સંભળાવશે. વિદ્યાર્થીઓ તે મુજબ ગાશે.<br>• શિક્ષક અભિનય ગીત રજૂ કરશે અને વિદ્યાર્થીઓ અભિનય ગાન કરશે. |
| EN524 ક્રિયાસૂચક શબ્દોનો ઉપયાગ કરી કાવ્ય આગળ વધારે છે. | • Poem Completion<br>• Poem Extension | • શિક્ષક વિદ્યાર્થીઓને ક્રિયાસૂચક શબ્દોનો સમાવેશ કરતું કાવ્ય સંભળાવશે.<br>❖ Praying, Praying<br>❖ Praying in the morning<br>❖ Praying in the noon-time<br>❖ Praying, Praying<br>❖ Praying when the sun goes down<br>• ત્યારબાદ વિદ્યાર્થીઓ શિક્ષક દ્વારા સૂચિત Jumping, Reading, Playing જેવા અન્ય ક્રિયાસૂચક શબ્દોનો ઉપયોગ કરીને કાવ્ય આગળ વધારશે. |

DRAFT